# નિઃશસ્ત્રીકરણ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા બાબતોનો 4 થો ફેલોશિપ કાર્યક્રમ

ફેબ્રુઆરી 09, 2024

વિદેશ મંત્રાલયે 22 જાન્યુઆરી - 9 ફેબ્રુઆરી 2024 દરમિયાન સુષ્મા સ્વરાજ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફોરેન સર્વિસમાં વાર્ષિક નિઃશસ્ત્રીકરણ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા ફેલોશિપ કાર્યક્રમની ચોથી આવૃત્તિનું આયોજન કર્યું હતું. આજે યોજાયેલા સમાપન સમારોહમાં વિદેશ સચિવ શ્રી વિનય ક્વાત્રાએ આ ફેલોશિપ કાર્યક્રમમાં ભાગ લેનાર વિશ્વભરના 24 દેશોના યુવા રાજદ્વારીઓને સંબોધિત કર્યા હતા. અગાઉ 22 જાન્યુઆરીના રોજ ઉદ્ઘાટન સમારોહમાં, યુએનના અંડર-સેક્રેટરી-જનરલ અને નિઃશસ્ત્રીકરણ બાબતોના ઉચ્ચ પ્રતિનિધિ, સુશ્રી ઇઝુમી નાકામિત્સુએ રેકોર્ડેડ વિડિયો સંદેશ દ્વારા ઉદ્ઘાટન આખ્યાન આપ્યું હતું. 5 ફેબ્રુઆરીના રોજ, સહભાગીઓએ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરી.

2. ત્રણ સપ્તાહના ફેલોશિપ કાર્યક્રમમાં વૈશ્વિક સુરક્ષા વાતાવરણ, સામૂહિક વિનાશના શસ્ત્રો, ચોક્કસ પરંપરાગત શસ્ત્રો, અવકાશ સુરક્ષા, સાયબર સ્પેસની સુરક્ષા, નિકાસ નિયંત્રણો અને ઉભરતી ટેકનોલોજી જેવા વિષયોની શ્રેણી પર અગ્રણી નિષ્ણાતો દ્વારા વાર્તાલાપ, પ્રસ્તુતિઓ અને પ્રદર્શનાત્મક અભયાસો દર્શાવવામાં આવ્યા હતા. તેમાં ભારતના પરમાણુ ઉર્જા વિભાગ અને ભારતીય અવકાશ સંશોધન સંસ્થાની સુવિધાઓની ફિલ્ડ વિઝિટનો સમાવેશ થાય છે જેથી ફેલો સદસ્ય ભારતના નાગરિક પરમાણુ અને નાગરિક અવકાશ કાર્યક્રમો વિષે જાણી શકે. સહભાગીઓએ અન્ય સંસ્થાઓ જેવી કે ભારતના ચૂંટણી પંચ, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોલર એનર્જી અને ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ સચિવાલય અને ઇન્ફોર્મેશન ફ્યુઝન સેન્ટર - હિંદ મહાસાગર ક્ષેત્રની પણ મુલાકાત લીધી હતી.

3. ફેલોશિપ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સહભાગીઓને સમકાલીન નિઃશસ્ત્રીકરણ, અપ્રસાર, શસ્ત્ર નિયંત્રણ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા બાબતોને લગતા મુદ્દાઓ પર જ્ઞાન અને પરિપ્રેક્ષ્યથી સજ્જ કરવાનો અને તેમને ભારત અને ભારતની વિદેશ નીતિના પાસાઓથી પરિચિત કરાવવાનો છે. તે યુએન જનરલ એસેમ્બલીના ઠરાવ "નિઃશસ્ત્રીકરણ અને બિન-પ્રસાર શિક્ષણ પર સંયુક્ત રાષ્ટ્ર અભ્યાસ" ના આદેશને પણ પૂર્ણ કરે છે. કાર્યક્રમની પ્રથમ, બીજી અને ત્રીજી આવૃત્તિ અનુક્રમે જાન્યુઆરી 2019, 2020 અને 2023 માં યોજાઈ હતી.

**નવી દિલ્હી**
**09 ફેબ્રુઆરી, 2024**